**GUJARAT BILL NO. 4 OF 2024.**

## THE GUJARAT RENTS, HOTEL AND LODGING HOUSE RATES CONTROL (REVIVAL OF OPERATION AND AMENDMENT) BILL, 2024.

***A BILL***

*further to revive operation and to amend Gujarat Rents, Hotel and Lodging House Rates Control Act, 1947.*

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૪.**

## ગુજરાત ભાડાં, હૉટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયક, ૨૦૨૪.

**ગુજરાત ભાડાં, હૉટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭નો અમલ ચાલુ રાખવા અને વધુ સુધારવા બાબત વિધેયક.**

આથી, ભારતના ગણરાજ્યના પંચોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:–

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

૧. (૧) આ અધિનિયમ, ગુજરાત ભાડાં, હૉટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે.

(૨) તે, સન ૨૦૨૧ના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

**સન ૧૯૪૭નો મુંબઈનો ૫૭મો.**

**અમલ ચાલુ રાખવા બાબત.**

૨. ગુજરાત ભાડાં, હૉટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની તમામ જોગવાઈઓ સન ૨૦૨૧ના એપ્રિલ મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં ચાલુ રહેશે.

**સન ૧૯૪૭ના મુંબઈના ૫૭મા અધિનિયમની કલમ ૩નો સુધારો.**

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૩માં, પેટા–કલમ (૨)માં, "સન ૨૦૨૧ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ" એ આંકડા, અક્ષરો અને શબ્દોને બદલે, "સન ૨૦૨૬ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ" એ આંકડા, અક્ષરો અને શબ્દો મૂકવા.

## ઉદ્દેશો અને કારણો

ગુજરાત ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭, ભાડાં, ચોક્કસ મકાનોનું સમારકામ અને હોટલ અને નિવાસગૃહોના દર તેમજ તે ખાલી કરાવવા માટે અધિનિયમિત કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત અધિનિયમની કલમ ૩ની પેટા–કલમ (૨)માં નિર્દિષ્ટ કર્યા મુજબ સદરહુ અધિનિયમનો અમલ વખતોવખત લંબાવવામાં આવ્યો હતો.

સદરહુ અધિનિયમ તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૨૧ના રોજ અમલમાં હોતો બંધ થયો હતો અને તેમ થયેથી, સદરહુ અધિનિયમની તમામ જોગવાઈઓ તારીખઃ ૧લી એપ્રિલ, ૨૦૨૧થી અમલમાં હોતી બંધ થઈ હતી. હવે, તારીખઃ ૧લી એપ્રિલ, ૨૦૨૧ થી તારીખઃ ૩૧મી માર્ચ, ૨૦૨૬ સુધીના પાંચ વર્ષના સમયગાળા માટે સદરહુ જોગવાઈઓનો અમલ ચાલુ રાખવાનું રાજ્ય સરકારને જરૂરી જણાયું છે. વિધેયકની કલમો ૨ અને ૩થી, તે માટેની જોગવાઈ કરી છે.

આ વિધેયકથી ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪. **ઋષિકેશ પટેલ.**

## પુરવણી

### ગુજરાત ભાડાં, હૉટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭ના મુંબઈના ૫૭મા)માંથી ઉતારા.

આરંભ અને મુદત. **૩.** (૧) XXX XXX XXX

(૨) તે સન ૨૦૨૧ના માર્ચ મહિનાની ૩૧મી તારીખ સુધી તે તારીખ સહિત અમલમાં રહેશે.

(૩) XXX XXX XXX

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૪.]**

**ગુજરાત ભાડાં, હૉટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭નો અમલ ચાલુ રાખવા અને વધુ સુધારવા બાબત વિધેયક.**

**[શ્રી ઋષિકેશ પટેલ,**

**આરોગ્ય મંત્રીશ્રી]**

**(સન ૨૦૨૪ના ફેબ્રુઆરી મહિનાની ૧૬મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ડી. એમ. પટેલ,**

**સચિવ,**

**ગુજરાત વિધાનસભા.**

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.